**આકાશવાણી-ભુજ**

**સમાચાર વાચક:- તૌફિક સમા**

**કોમ્પ્યુટર રાઈઝ- દેવાભાઈ કે રબારી**

**તારખ:-૦૧-૧૦-૨૦૨૩** **સમય:-સાંજે ૬. ૨૫ કલાકે**

---

## મહા સ્વચ્છતા □ ભિયાન

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના આહ્વાન પર આજે દેશભરના લોકો મેગા સ્વચ્છતા અભિયાનમાં ભાગ લીધો. શ્રી મોદીએ મહાત્મા ગાંધીને તેમની જન્મજયંતિની પૂર્વસંધ્યાએ શ્રદ્ધાંજલિ આપવા માટે આજે સવારે 10 વાગ્યે સ્વચ્છતા અભિયાન માટે એક કલાકના શ્રમદાન માટે નાગરિકોને અપીલ કરી હતી. ગત મન કી બાત કાર્યક્રમમાં, પ્રધાનમંત્રીએ સ્વચ્છતા હી સેવા અભિયાનના મહત્વ પર ભાર મૂક્યો હતો, તેમણે કહ્યું કે તમામ ક્ષેત્રના નાગરિકો બજારની જગ્યાઓ, રેલ્વે ટ્રેક, જળાશયો, પ્રવાસન સ્થળો અને પૂજા સ્થાનો સહિત જાહેર સ્થળોએ સફાઈ પ્રવૃત્તિઓમાં ભાગ લઈ રહ્યા છે.

આ મેગા સ્વચ્છતા અભિયાન હેઠળ શહેરી અને ગ્રામીણ ભારતમાંથી શ્રમદાન માટે 6 લાખ 40 હજારથી વધુ સ્થળોએ શ્રમદાન કાર્યક્રમ યોજાયો.. દેશભરમાં લગભગ 35 હજાર આંગણવાડી કેન્દ્રોને દત્તક લેવા માટે ગામડાના સમુદાયો આગળ આવ્યા છે. આ અનોખી પહેલમાં ભારતીય સેના, નેવી અને એરફોર્સના જવાનોએ પણ સાથે મળીને વિવિધ સ્થળોની સફાઈ કરી છે.

**(RNU □ મદાવાદ)**

---

## જિલ્લા કક્ષાનો મહાશ્રમદાન

પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્ર મોદીની પ્રેરણાથી "સ્વચ્છતા હી સેવા ૨૦૨૩" પ્રોગામ અંતર્ગત આજે સ્વચ્છતા માટે "એક તારીખ, એક કલાક" મહાશ્રમદાન કાર્યક્રમ ભારતભરમાં યોજવામાં આવ્યા હતા. ત્યારે ભુજ તાલુકા પંચાયત તથા જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી દ્વારા કલેકટરશ્રી અમિત અરોરાના અધ્યક્ષસ્થાને જિલ્લા કક્ષાનો સ્વચ્છતા કાર્યક્રમ નારણપર-રાવરી ખાતે યોજવામાં આવ્યો હતો.

RNU BHUJ

ગામડાઓ કચરા મુક્ત બને તે માટે “સ્વચ્છતા હી સેવા ૨૦૨૩” પ્રોગામ અંતર્ગત નારણપર-રાવરી ખાતે “એક તારીખ, એક કલાક” મહાશ્રમદાન કાર્યક્રમમાં મોટી સંખ્યામાં યુવાનો, વડીલો, મહિલાઓ જોડાઇ હતી. ગાર્બેજ ફ્રી ઇન્ડિયાની થીમ સાથે ગ્રામજનોએ ગામમાં સફાઇ કામગીરી કરી હતી. આ પ્રસંગે કલેકટરશ્રી અમિત અરોરા તથા જિલ્લા વિકાસ અધિકારી એસ.કે.પ્રજાપતિ પણ સફાઇ અભિયાનમાં જોડાયા હતા. કલેકટરશ્રી ગામની મુલાકાત લઇને સ્વચ્છતાની કામગીરી નિહાળીને આ અંગે ગ્રામજનો સાથે ચર્ચા કરી હતી.

(પરેશ મારૂ)

---------------------------------------------------------------------------

## મેઘપર ગામે સમુહ સ્વચ્છતા અભિયાન

આજે ભુજ તાલુકાના મેઘપર ગામે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના એક તારીખ, એક કલાક અભિયાન અંતર્ગત સમૂહ સફાઈ અને શપથ કાર્યક્રમ યોજાયો હતો. જેમાં મોટી સંખ્યામાં ગ્રામજનો જોડાયા હતા અને જાહેર માર્ગોની સફાઈ કરી હતી.

આ ઉપરાંત સ્વચ્છતા માટે દર વર્ષે 100 કલાક એટલે કે દર અઠવાડિયે 2 કલાક શ્રમદાન કરવાના સમૂહ શપથ પણ લીધા હતા. આ અભિયાનમાં ગામના સરપંચ, વડીલો સહિત આગેવાનો જોડાયા હતાં.

(પલકબેન)

---------------------------------------------------------------------------

## નવરાત્રીનો આરંભ

15 મી ઓક્ટોમ્બર થી આસો નવરાત્રીનો આરંભ થતો હોઈ તા-14મી ઓક્ટોમ્બરના રોજ માતાના મઢ અને ભુજ ખાતેના આશાપુરા માતાજીના મંદિર ખાતે ઘટ સ્થાપન થશે. મુંબઈથી લઈને ગુજરાત અને કચ્છમાંથી માઈભક્તો માતાના મઢ ખાતે માં આશાપુરાના દર્શન કરવા ઉમટશે.

(પરેશ મારૂ)

---------------------------------------------------------------------------

## શ્યામજી કૃષ્ણવર્મા જન્મ જયંતિ

ચોથી ઓક્ટોમ્બરે માંડવીમાં જન્મેલા અને કચ્છી ક્રાંતીવીર શ્યામજી કૃષ્ણવર્માની જન્મ જયંતીની વિવિધ સ્થળોએ ઉજવણી કરવામાં આવશે.

(પરેશ મારૂ)

---

## વાહન ફિટનેસ રિન્યુ કેમ્પ

કચ્છ જિલ્લાની મોટરીંગ પબ્લિક અને વાહનમાલિકો માટે ઓક્ટોબર-૨૦૨૩ માસમાં વાહનોનો ફિટનેસ રીન્યૂ કરાવવા અંગેના ચાર કેમ્પ યોજવામાં આવશે. આ કેમ્પ ૭ મી ઓક્ટોમ્બરે નખત્રાણા, ૧૩મી ઓક્ટોમ્બરે દયાપર, ૨૧મી ઓક્ટોમ્બરે મુન્દ્રા અને ૨૭ મી ઓક્ટોમ્બરના રોજ માંડવી ખાતે યોજવામાં આવશે. આ કેમ્પના સ્થળે સવારે ૧૧:૦૦ થી ૦૨:૦૦ વાગ્યા સુધી તમામ પ્રકારના વાહનોના ફિટનેસ રીન્યૂ કરી આપવાની કામગીરી કરી આપવામાં આવશે. એવુ પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારી ભુજની એક યાદીમાં જણાવાયું છે.

(તૌફિક સમા)

---

## પોસ્ટ ઓફિસનું આધુનિકરણ

કેન્દ્ર સરકાર દ્વારા ભારતીય પોસ્ટ વિભાગના પાયાના પથ્થર સમી બ્રાન્ચ ઓફિસને આધુનિક કરવાના ભાગરૂપે કચ્છની તમામ 434 બ્રાન્ચ ઓફિસને 5-જી ટેક્નોલૉજી ધરાવતા એન્ડ્રોઈડ મોબાઈલ આપવામાં આવ્યા હતા. આ પ્રસંગે ફરજ બજાવી રહેલા શાખા પોસ્ટ માસ્તરને 5-જી મોબાઈલ ફોનની સાથે બાયોમેટ્રિક તેમના તાબાનું ડિવાઇસ આપીને રોલઆઉટની કામગીરી કરવામાં આવી હતી. આ નવા ડિવાઇસથી ગ્રામ્ય વિસ્તારની પોસ્ટ ઓફિસનું કામ સરળ તેમજ ઝડપી

બનશે. આ ઉપરાંત ગ્રામ્ય વિસ્તારની પોસ્ટ ઓફિસની પોતાની હિસાબી કચેરી પરનું પણ અવલંબન ઘટશે.

તૌફિક સમા

---

# વન્ય પ્રાણી સપ્તાહ

રાજ્યમાં આવતીકાલ થી 8 ઓકટોબર દરમિયાન 33 જિલ્લા અને 250 તાલુકાઓમાં 'વન્ય પ્રાણી સપ્તાહ'ની ઉજવણી કરાશે. ત્યારે વન વિભાગ સ્વછતા અભિયાનના સંદેશ સાથે 'વન્ય પ્રાણી સપ્તાહ'ની ઉજવણી કરશે.

જે અંતર્ગત રાજ્યમાં આવેલા અભયારણ્ય અને રાષ્ટ્રીય ઉદ્યાનોના વિસ્તારોને 100 ટકા પ્લાસ્ટિક ફ્રી કરવા માટેનું સ્વચ્છતા અભિયાન હાથ ધરવામાં આવશે.

**(RNU અમદાવાદ)**

---

RNU BHUJ